# લગ્ન કર્યા વિના પણ હું સંતુષ્ટ અને સંપૂર્ણ છું: સારા અલી ખાન



શો-શા

સારા અલી ખાન કે જેની હાલમાં પતિ પત્ની ઓર વોર-2 ફિલ્મ રીલીઝ થઇ છે તે આપણી સાથે લગ્ન, સંબંધોના તાણા વાણા આત્મનિર્ભરતા, તેની માતા સાથેના સંબંધો અને કારકિર્દીની પ્રાથમિકતા વિષે ખુલીને વાત કરે છે. તે જણાવે છે કે જીવનના અંગત અનુભવોએ તેનું ઘડતર કર્યું છે અને તે કેવી રીતે તણાવ લેવાને બદલે ધીરજથી કામ કરતા શીખે છે. જીવનના અનુભવોએ તેને વાસ્તવિક જીવનમાં સંબંધો કેવી રીતે કામ કરે છે તે પણ સમજાવ્યું છે. તો જાણીએ સારા અલી ખાન શું કહે છે.

**લગ્ન વિષે તારું શું માનવું છે?**

તમે તમારી આસ પાસ જે જુઓ છો, જે અનુભવો તમને થયા છે તેના આધારે તમારું વ્યક્તિત્વ ઘડાય છે. થોડું ગંભીરતાથી કહું તો, મેં જોયું છે કે લગ્ન પણ નિષ્ફળ જઈ શકે છે. આગળ જઈને અફસોસ કરવા કરતા બેહતર છે કે તમે યોગ્ય વ્યક્તિની રાહ જુઓ અને પછી લગ્ન કરો. જ્યારે તે થશે તે જ યોગ્ય સમય હશે અને આમ કરવું એ જ શ્રેષ્ઠ છે. લગ્ન કર્યા વિના પણ હું સંતુષ્ટ અને સંપૂર્ણ છું, મને સંપૂર્ણ બનવા માટે કે ખાલીપો દૂર કરવા માટે લગ્ન કરવાની જરૂર લાગતી નથી.

**લાઈફ પાર્ટનર પસંદ કરતી વખતે કઈ વાતનું તું ધ્યાન રાખવા માંગે છે?**

જીવન સાથીને ભાવનાત્મક ખાલીપો દૂર કરવાના સાધન તરીકે જોવો એ યોગ્ય નથી. હું પોતાના માટે સંપૂર્ણ બનવા માંગું છું. અને પછી જો કોઈ મને મળે જે મારી પ્રશંસા કરે, મને વ્હાલ કરે અને જેને મળવાથી મને સારું ફિલ થાય તો તે ઠીક છે. તમારા માં જે ખૂટે છે તે બીજામાં શોધવું એ પસંદગી માટે નું યોગ્ય ધારા ધોરણ નથી. તમારે એવું ન કરવું જોઈએ.

**તારો તારી માતા અમૃતા સિંઘ સાથે કેવો સંબંધ છે?**

મમ્મી જાન મારા માટે ઘણી મહત્ત્વની વ્યક્તિ છે. હું તેના જેવી હજી સુધી બની શકી નથી. મારા હંમેશા પ્રયત્નો રહેશે કે હું થોડી પણ મમ્મી જાન જેવી બની શકું. મને મારા મૂળ સાથે અને જમીન સાથે જોડી રાખવામાં તેમનું યોગદાન રહ્યું છે. મારા અને તેમના યુવાનીના ફોટોઝ જોઇને તમને ચોક્કસ લાગશે કે હું ઘણી ખરી મમ્મી જાન જેવી દેખાઉં છું. તેવો જ ગાઢ સંબંધ મારો તેમની સાથે પણ છે.

**સેટ પર બે અભિનેત્રીઓ વચ્ચે બનતું નથી આ વાતમાં હું માનતી નથી. 'પતિ પત્ની ઓર વો ર'ના મારા સહ કલાકારો સાથેનો મારો સંબંધ ઘર જેવો જ રહ્યો છે. સાથી કલાકારો સાથે મનમેળ ન થવા પાછળનું કારણ આંતરિક આત્મવિશ્વાસની કમી અને અસલામતી ની ભાવના હોય છે**

**સેટ પર બે અભિનેત્રીઓ વચ્ચે સામાન્ય રીતે બનતું નથી. આ વાત પર તારે શું કહેવું છે?**

સેટ પર બે અભિનેત્રીઓ વચ્ચે બનતું નથી આ વાતમાં હું માનતી નથી. 'પતિ પત્ની ઓર વો ર'ના મારા સહ કલાકારો સાથેનો મારો સંબંધ ઘર જેવો જ રહ્યો છે. સાથી કલાકારો સાથે મનમેળ ન થવા પાછળનું કારણ આંતરિક આત્મવિશ્વાસની કમી અને અસલામતી ની ભાવના હોય છે. આખરે, એક અભિનેતા અને એક માનવી તરીકે તમે જેટલા આત્મવિશ્વાસુ અને સુરક્ષિત હોવ તેટલો તમે અન્ય સાથે મનમેળ રાખી શકો છો. અમે ત્રણેય તદ્દન અલગ વ્યક્તિઓ છીએ પણ પોત પોતાની જગ્યાએ એટલા જ સુરક્ષિત અને આત્મવિશ્વાસુ છીએ. આનો બધો શ્રેય અમારા ડીરેક્ટર મુદસ્સર અઝીઝને જાય છે કે તેમણે એવી સ્ક્રીપ્ટ લખી કે જ્યાં કોઈ પણ પાત્રના પોશાક, વાળ, મેકઅપ, ભાષા, સંવાદ, વ્યક્તિત્વ અથવા ઉદ્દેશ્ય એકબીજા સાથે મેળ ખાતા નથી, એટલે સેટ પર એક તંદુરસ્ત માહોલ હંમેશા રહેતો હતો.

**હાલમાં તું કોઈની સાથે રીલેશનશીપમાં છે?**

ના, અત્યારે હું કામ કરવા માંગું છું. દરમિયાન, જો કોઈ યોગ્ય વ્યક્તિ આવવાની હોય તો તે આવી જશે. હું ખરેખર માનું છું કે જલ્દી કા કામ શેતાન કા હોતા હે. તેથી હું આ બાબતમાં ઉતાવળ કરવા માંગતી નથી.

**તુ ઇન્ડસ્ટ્રીના સૌથી કંજૂસ સ્ટાર તરીકે ઓળખાય છે, આ વાતમાં કેટલું સત્ય છે?**

કંજૂસ નહીં, પ્લીઝ મને 'બજેટ ફ્રેન્ડલી' કહો! રોમિંગ ચાર્જ બચાવવા માટે હોટલનું વાઈ-ફાઈ શોધવું કે સસ્તા સલવાર-કમીઝ ખરીદવા, એમાં ખોટું શું છે? પૈસા પપ્પાના હોય કે મારા, બચાવવા તો જોઈએ ને!

**જો તને સૈફ અલી ખાન (પપ્પા) અને અમૃતા સિંહ (મમ્મી) માંથી કોઈ એકની એક્ટિંગ સ્ટાઈલ પસંદ કરવાની હોય, તો કોને પસંદ કરશે?**

બાપ રે! આ તો ધર્મસંકટ છે. પપ્પા પાસેથી મને ક્લાસ અને સમજણ મળી છે, અને મમ્મી પાસેથી પ્યોર ડ્રામા અને માસ (Mass) અપીલ મળી છે. એટલે હું મિક્સ વેજીટેબલ જેવી છું ટેસ્ટ બંનેનો છે!


**સોશિયલ મીડિયા પર ટ્રોલ્સને કેવી રીતે હેન્ડલ કરે છે?**

બહુ સિમ્પલ છે–એક કાનથી સાંભળો, બીજા કાનથી કાઢી નાખો. જો એ લોકો મને ટ્રોલ કરવામાં ખુશ છે, તો ડિજિટલ ઈન્ડિયામાં એમની ખુશી પણ જરૂરી છે. હું મારું કામ કરું છું અને ખુશ રહું છું. •

# ક્રિતિ સુરેશ

## ટ્રેડિશનલ સાડી કે મોર્ડન વેસ્ટર્ન આઉટફિટ

RAPID FIRE



**સવારનો ફેવરિટ ટાઈમ કયો - વર્કઆઉટ કે ઊંઘ?**
વર્કઆઉટ!

**બેગમાં હંમેશાં કઈ ત્રણ વસ્તુઓ હોય છે?**
લિપ બામ, ફોન અને સેનિટાઈઝર.

**એક શબ્દમાં કીર્તિ સુરેશ કોણ છે?**
એક્ટ્રેસ.

**કઈ ફિલ્મ કરિયરનો ટર્નિંગ પોઈન્ટ છે?**
'મહાનતી.'

**સાવિત્રી ગારુનો રોલ કરવો એ સન્માન હતું કે દબાણ?**
ભારે દબાણ, પછીથી જીવનભરનું સન્માન.

**ગ્લેમરસ રોલ કે પર્ફોર્મન્સ ઓરિએન્ટેડ રોલ?**
ગ્લેમરનો થોડો તડકો ગમે!

**તમિલ, તેલુગુ કે મલયાલમ - કઈ ઇન્ડસ્ટ્રી દિલની સૌથી નજીક છે?**
ત્રણેય,

**નિકિતિન ધીર કે ધનુષ - સાથે સ્ક્રીન સ્પેસ વધુ ચેલેન્જિંગ હતી?**
ધનુષ, એક્ટિંગ સ્પીડ અદ્ભુત છે.

**બોલિવૂડમાં કયા એક્ટર સાથે ડેબ્યૂ કરવાની ઈચ્છા છે?**
રણબીર કપૂર અથવા શાહરૂખ ખાન.

**સાડી કે વેસ્ટર્ન ગાઉન?**
હંમેશાં સાડી.

**સૌથી મોટો ડર શું છે?**
સ્ટેજ પર માઇક સામે બ્લેન્ક થઈ જવું.

**મોડી રાતની પાર્ટી કે ઘરનો ખૂણો?**
ઘરનો ખૂણો.

**પ્રેમ કે કરિયર?**
બંને વચ્ચે બેલેન્સ.

**જાતને 3 શબ્દોમાં વર્ણવો:**
સિમ્પલ, મહેનતુ અને ઈમોશનલ.

**લાઈફમાં સૌથી મોટો સપોર્ટ સિસ્ટમ કોણ છે?**
મારી માતા.

**અપકમિંગ પ્રોજેક્ટ્સ વિશે વન-વર્ડ લાઈન:**
સરપ્રાઈઝિંગ અને ધમાકેદાર! •

# જાણો ક્યાં ગાયબ છે નુસરત ભરૂચા



સ્ટાર ફોકસ

બોલિવૂડમાં 'પ્યાર કા પંચનામા' ની નખરાળી 'નેહા' હોય કે 'સોનુ કે ટીટુ કી સ્વીટી' ની ચતુર 'સ્વીટી', નુસરત ભરુચાએ પોતાની દમદાર એક્ટિંગ અને ગ્લેમરસ અંદાજથી બોલિવૂડમાં એક ખાસ ઓળખ બનાવી છે. એક સમયે બેક-ટુ-બેક સુપરહિટ કોમેડી ફિલ્મો આપનારી નુસરત છેલ્લા કેટલાક સમયથી મોટા પડદા પર બહુ સક્રિય દેખાતી નથી. આ જોઈને ચાહકોના મનમાં સવાલ થાય તે સ્વાભાવિક છે કે, આખરે નુસરત ક્યાં ગાયબ થઈ ગઈ? અને તેને ફિલ્મો કેમ નથી મળી રહી? પરંતુ હકીકત કંઈક અલગ જ છે. નુસરત લાઈમલાઈટથી દૂર નથી થઈ, પરંતુ તેના કરિયરનો એક નવો તબક્કો શરૂ થયો છે.

કરિયરની શરૂઆતમાં નુસરતે લવ રંજનની રોમેન્ટિક કોમેડી ફિલ્મોમાં ઘણું નામ કમાયું. પરંતુ, તેના કારણે ઇન્ડસ્ટ્રીમાં તેની છબી માત્ર એક 'ગ્લેમરસ ગર્લફ્રેન્ડ' પૂરતી સીમિત થઈ રહી હતી. નુસરતે પોતે સ્વીકાર્યું છે કે તે એક જ પ્રકારના રોલ કરીને કંટાળી ગઈ હતી. આ જ કારણે તેણે હવે કમર્શિયલ મસાલા ફિલ્મોના બદલે 'કન્ટેન્ટ-ડ્રિવન' એટલે કે વાર્તા આધારિત ફિલ્મો તરફ પોતાની દિશા બદલી છે.

છેલ્લા થોડા વર્ષોમાં નુસરતની ફિલ્મ પસંદગી પર નજર કરીએ તો સમજાશે કે તે હવે ફિલ્મોની 'હીરોઈન' બનવા કરતાં વાર્તાની 'હીરો' બનવાનું વધુ પસંદ કરી રહી છે.

'છોરી' આ હોરર-થ્રિલર ફિલ્મમાં તેણે એકલા હાથે આખી ફિલ્મનો ભાર સંભાળ્યો અને તેના અભિનયના ખૂબ વખાણ થયા.

'જનહિત મેં જારી' ફિલ્મમાં તેણે એક સામાજિક વિષય (કોન્ડોમ અવેરનેસ) પર બહુ જ બોલ્ડ અને પ્રશંસનીય પાત્ર ભજવ્યું.

અકેલી યુદ્ધગ્રસ્ત દેશમાં ફસાયેલી ભારતીય યુવતીના સંઘર્ષની આ વાર્તામાં નુસરતે ગ્લેમર છોડીને ધારદાર પર્ફોર્મન્સ આપ્યો. આવી ગંભીર અને પ્રયોગાત્મક ફિલ્મો બોક્સ ઓફિસ પર કદાચ ૧૦૦ કરોડની કમાણી ન કરે, પરંતુ એક કલાકાર તરીકે નુસરતને વધુ પરિપક્વ બનાવે છે. આજકાલ મોટાભાગના કલાકારોની જેમ નુસરત પણ ડિજિટલ સ્પેસ (OTT) માં વધુ સક્રિય બની છે. તેની 'અજીબ દાસ્તાન્સ' અને 'છોરી' જેવી

## લાઈમલાઈટથી દૂરી કે કરિયરનો નવો તબક્કો?

ફિલ્મો સીધી ઓટીટી પર રિલીઝ થઈ હતી, જેને ડિજિટલ ઓડિયન્સ તરફથી જબરદસ્ત પ્રતિસાદ મળ્યો. થિયેટર રિલીઝ ઓછી થવાને કારણે લોકોને એવું લાગે છે કે તે ફિલ્મો નથી કરી રહી, પણ વાસ્તવમાં તે ઓટીટીના માધ્યમથી દર્શકોના દિલ જીતી રહી છે.

નુસરત ભરુચા પ્રખ્યાત હોરર ફિલ્મ 'છોરી ૨' (Chhorii 2) અને 'બન ટિક્કી' (Bun Tikki) જેવા રસપ્રદ પ્રોજેક્ટ્સ પર કામ કરી રહી છે. તે હવે સંખ્યા કરતાં ગુણવત્તા (Quality over Quantity) પર વધુ ધ્યાન આપી રહી છે. તે હવે માત્ર ગીતોમાં નાચતી અભિનેત્રી બનવા નથી માંગતી, પણ પોતાની એક્ટિંગના દમ પર ફિલ્મો ચલાવવા માંગે છે. આ બદલાવને કારણે ભલે તે મોટા પડદા પર ઓછી દેખાતી હોય, પરંતુ જ્યારે પણ આવશે ત્યારે કંઈક નવું અને ધમાકેદાર લઈને આવશે તેમાં કોઈ શંકા નથી. •